# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 10-07-2026** **EVENING: 7.50 TO 8.00**
**Day: FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભુંડીયા** વાંચે છે.

*****************************************************

1) ન્યુઝીલેન્ડના ઓકલેન્ડમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત.
2) ઉત્તર રેલવેના 680 કિલોમીટર રૂટ પર "કવચ"ના અમલીકરણ માટે 206 કરોડ અને છત્તીસગઢમાં વધારાના પ્રાથમિક જાળવણી કેન્દ્ર માટે 175 કરોડ મંજૂર.
3) ગુજરાતનાં સુરત ITI ઘટક માટે 240 કરોડ રૂપિયાની વ્યૂહાત્મક રોકાણ યોજનાને મંજૂરી - કેન્દ્રીય કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી જયંત ચૌધરીની જાહેરાત.
4) વિદેશ મંત્રી ડૉ. જયશંકરે ઓમાનના તેમના સમકક્ષ સાથે અખાત ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાના પ્રયાસ અંગે ચર્ચા કરી.
5) ડિજિટલ સેવાના નિયમોનું ઉલ્લંઘન કરવાનો મેટા પર યુરોપિયન સંઘનો આક્ષેપ.
6) મહિલાઓની વન-ઓફ ટેસ્ટ ક્રિકેટ મેચમાં, ભારત ઇંગ્લેન્ડ વચ્ચે મુકાબલો.

.......................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)
(હવે પછી આપ આવતીકાલે સવારે 7 વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM-NEW ZEALAND (EARLY)

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે તેમના ત્રણ દેશના પ્રવાસના અંતિમ તબક્કામાં ન્યુઝીલેન્ડના ઓકલેન્ડ પહોંચ્યા. જ્યાં વિમાનમથક પર ન્યુઝીલેન્ડના પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને તેમનું સ્વાગત કર્યું. ભારતીય અને ન્યુઝીલેન્ડ સશસ્ત્ર દળોના પ્રતિનિધિઓની હાજરીમાં  વિમાનમથકના રનવે પર શ્રી મોદીનું ઔપચારિક સ્વાગત પણ કરાયું હતું.

## (VC: CHAITALI JOSHI)

(......લગભગ ચાર દાયકા બાદ કોઈ ભારતીય પ્રધાનમંત્રીનો આ પહેલો ન્યૂઝીલેન્ડ પ્રવાસ છે. ભારતીય સમુદાયના લોકો શ્રી મોદીને આવકારવા વિમાનમથક પર મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. તેમણે ભારતીય ત્રિરંગો લહેરાવ્યો. શ્રી મોદીએ પણ લોકોનું અભિવાદન કર્યું. શ્રી મોદી ઓકલેન્ડમાં સમુદાય સ્વાગત દરમિયાન ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના જીવંત ઉજવણીના સાક્ષી બન્યા છે. તેમણે સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું, આ પ્રદર્શનમાં પંજાબ, તમિળનાડુની સંસ્કૃતિઓ, કર્ણાટક અને ભારતીય શાસ્ત્રીય સંગીતનું મિશ્રણ અને વંદે માતરમનું પ્રદર્શન દર્શાવાયુ છે. શ્રી મોદીએ ભારતના સાંસ્કૃતિક વારસાને જીવંત રાખવા તથા ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેના સ્થાયી લોકોથી-લોકોના બંધનને મજબૂત કરવા બદલ ભારતીય સમુદાયની પ્રશંસા કરી.

આ પ્રવાસ દરમિયાન, બંને નેતાઓ વેપાર, રોકાણ, શિક્ષણ, ટેકનોલોજી અને પરસ્પર સંબંધમાં સહયોગને વધુ મજબૂત બનાવવાના માર્ગ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે. શ્રી મોદી અગ્રણી વ્યવસાયિકો અને રમતગમતના અગ્રણીઓ સાથે પણ વાતચીત કરશે.

ચૈતાલી જોષી સમાચાર વિભાગ અમદાવાદ

# RAILWAY – KAVACH & HOMING FACILITY

ભારતીય રેલવેએ ઉત્તર રેલવેના 680 કિલોમીટર લાંબા રૂટ પર સ્વદેશી રેલ સલામતી પ્રણાલી “કવચ”ના અમલીકરણ માટે 206 કરોડ મંજૂર કર્યા છે. આ પ્રોજેક્ટનો હેતુ સલામતી અને કાર્યકારી કાર્યક્ષમતામાં સુધારો અને હેતુ ગીચ વસ્તીવાળા અને વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ રૂટ પર સ્વદેશી સલામતી પ્રણાલીનો વિસ્તાર કરવાનો છે.

રેલવે મંત્રાલયે જણાવ્યું કે, કવચ પ્રણાલીનો ચોથો તબક્કો દિલ્હી વિભાગના રેવાડી-દિલ્હી અને શકુર બસ્તી-ભટિંડા વિભાગો પર લાગુ કરાશે. મંત્રાલયે જણાવ્યું હતું કે કવચ સિસ્ટમ સિગ્નલ ઉલ્લંઘન અને ટ્રેન અથડામણ જેવા અકસ્માતોને રોકવા માટે વિકસાવવામાં આવી છે.

આ ઉપરાંત રેલવેએ છત્તીસગઢના રાયપુરમાં 250 ઇલેક્ટ્રિક લોકોમોટિવ્સ માટે વધારાના પ્રાથમિક જાળવણી કેન્દ્ર બનાવવા માટે 175 કરોડ મંજૂર કર્યા છે.

# PM-SETU

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરીએ સુરત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ITI ઘટક માટે 240 કરોડ રૂપિયાથી વધુની વ્યૂહાત્મક રોકાણ યોજનાને મંજૂરી આપી. અમારા પ્રતિનિધિ જણાવે છે, ગુજરાતમાં સુરત પ્રવાસ દરમિયાન શ્રી ચૌધરીએ આ જાહેરાત કરતાં કહ્યું, આ માટે આર્સેલોર  મિત્તલ ઈન્ડિયા કંપનીને અગ્રણી ઉદ્યોગ ભાગીદાર તરીકે જવાબદારી સોંપાઈ છે.

ઉદ્યોગ આધારિત કૌશલ્ય વિકાસ ક્ષેત્રે પોતાના અનુભવનો સરકારી ITIને અધ્યતન બનાવવાની PM-SETU પહેલને  મજબૂત બનાવવામાં આ કંપની યોગદાન આપશે. 5 વર્ષમાં  ITI-સુરતને હબ તેમજ હજીરા, બારડોલી, સચિન અને મહિલા ITI સુરતને સ્પોક સંસ્થાઓ તરીકે વિકસાવીને 25 હજારથી વધુ યુવાનોને રોજગારીની નવી તક ઉપલબ્ધ કરાવાશે.

# VP VISIT-BIHAR

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન આવતીકાલે બિહારના ગાયાની મુલાકાત લેશે. આ મુલાકાત દરમિયાન તેઓ બિહાર લોક પ્રસાશન અને ગ્રામીણ વિકાસ સંસ્થા ખાતે બિહાર વિધાનસભાના સભ્યો માટેના તાલીમ કાર્યક્રમના ઉદ્ઘાટન સત્રને સંબોધિત કરશે.

# VP-ANTIQUITIES

ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને ઓસ્ટ્રેલિયાથી તમિળનાડુમાં અમૂલ્ય પ્રાચીન સામગ્રીઓની સફળતાપૂર્વક પરત ફરવા બદલ ખુશી વ્યક્ત કરતાં સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે પ્રાચીન સામગ્રીઓની પરત આવવું એ ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને જાળવવાની દિશામાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

શ્રી રાધાકૃષ્ણને દેશમાં સાંસ્કૃતિક વારસો પાછો લાવવાના સરકારના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું કે પુરાતત્વીય અવશેષોનું પરત આવવું વિકાસ અને વારસા બંને પ્રત્યે ભારતની મજબૂત પ્રતિબદ્ધતા દર્શાવે છે.

# JAISHANKAR - OMAN

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે આજે મસ્કતમાં તેમના ઓમાનના સમકક્ષ બદ્ર બિન હમાદ અલ બુસૈદીને મળ્યા અને બંને દેશો વચ્ચેના સહયોગના વિવિધ પાસાઓ પર ચર્ચા કરી.

સોશિયલ મીડિયા સંદેશમાં ડૉ. જયશંકરે જણાવ્યું કે, વાટાઘાટો વેપાર, રોકાણો, કનેક્ટિવિટી, દરિયાઈ, ટેકનોલોજી, સંરક્ષણ અને સાયબર અને કુત્રિમ બુદ્ધિમત્તા – AI ડોમેન્સ પર કેન્દ્રિત હતી. બંને નેતાઓએ ગલ્ફમાં વિકાસ અને ક્ષેત્રમાં શાંતિ અને સ્થિરતા સુનિશ્ચિત કરવાના પ્રયાસો પર પણ વ્યાપક વિચારોનું આદાન-પ્રદાન કર્યું.

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.**

(ગોન્ગ મ્યુઝિક)

---

# EU- META

યુરોપિયન યુનિયને મેટા પર તેના ડિજિટલ સેવાઓના નિયમોનું ઉલ્લંઘન કરવાનો આરોપ લગાવ્યો છે. યુરોપિયન યુનિયને કહ્યું કે, Facebook અને Instagram વપરાશકર્તાઓને લાંબા સમય સુધી આ પ્લેટફોર્મ પર જોડાયેલા રાખવા માટે બનાવવામાં આવ્યા છે. યુનિયને મેટાને સતત સ્ક્રોલિંગ અને ઓટોપ્લે જેવી પુનરાવર્તિત ઉપયોગને પ્રોત્સાહન આપતી સુવિધાઓને આપમેળે બંધ કરવા કહ્યું છે.

કમિશનના જણાવ્યા અનુસાર, મેટા ચોક્કસ સુવિધાઓ દ્વારા વપરાશકર્તાઓ, ખાસ કરીને બાળકો અને કિશોરોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ઉભા થતા જોખમોનું પર્યાપ્ત મૂલ્યાંકન કરવામાં નિષ્ફળ ગયું છે.

# TEST CRICKET

મહિલાઓની વન-ઓફ ટેસ્ટ ક્રિકેટ મેચમાં, ભારતે ઇંગ્લેન્ડ સામે પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પોતાની પહેલી ઇનિંગમાં 46 ઓવરમાં 4 વિકેટે 194 રન કર્યા છે. અગાઉ, ઇંગ્લેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો.

# FIFA WORLDCUP

ફિફા વિશ્વ કપમાં, ફ્રાન્સે અમેરિકાના બોસ્ટનમાં રમાયેલી પહેલી ક્વાર્ટર ફાઇનલમાં મોરોક્કોને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો. આજે રાત્રે બીજા ક્વાર્ટર ફાઇનલમાં સ્પેન બેલ્જિયમ સામે ટકરાશે.

# MEGHWAL - MONSOON SESSION

સંસદીય બાબતોના કેન્દ્રીય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગને આજે સંસદ ભવનના સંકુલમાં આગામી ચોમાસુ સત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી. સંસદ સત્ર 20 જુલાઈથી 13 ઓગસ્ટ સુધી ચાલશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મેઘવાલે જણાવ્યું કે આગામી સત્ર માટે નિર્ધારિત કાયદાકીય કાર્યની સમીક્ષા કરવામાં આવી અને જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી.

# GOYAL-REVIEW MEET

વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે નવી દિલ્હીમાં રાષ્ટ્રીય ઉત્પાદકતા પરિષદ, ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ અને વાણિજ્ય વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી. એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી ગોયલે કહ્યું કે, બેઠકમાં આંતર-વિભાગીય સહયોગ સુધારવા, સંસ્થાકીય ક્ષમતાઓને મજબૂત કરવા અને ઉત્પાદકતા અને સેવા વિતરણ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી.

# EVE SPAIN-WILDFIRE

દક્ષિણ સ્પેનમાં ભીષણ ગરમી વચ્ચે લાગેલી આગમાં અત્યાર સુધીમાં 12 લોકોના મોત થયા છે અને અન્ય 8 ઇજાગ્રસ્ત થયા છે. અધિકારીઓએ જણાવ્યું કે, આ દુર્ઘટના દેશના સૌથી ભયંકર જંગલમાં આગમાંની એક છે. 300થી વધુ કટોકટી કર્મચારીઓ હાલમાં અલ્મેરિયા જંગલમાં આગનો સામનો કરવા કામ કરી રહ્યા છે. આગને કારણે રસ્તાઓ પણ બંધ થઈ ગયા છે અને 1 હજારથી વધુ લોકોનું સ્થળાંતર કરાયું.

# NADDA- ABDM REVIEW MEETING

કેન્દ્રીય આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી જગત પ્રકાશ નડ્ડાએ આજે આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM)ની પ્રગતિની સમીક્ષા કરવા માટે મિશન સ્ટીયરિંગ ગ્રુપની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરી. બેઠકમાં નોંધાયું કે, આયુષ્માન ભારત ડિજિટલ મિશન વિશ્વની સૌથી મોટી ડિજિટલ આરોગ્ય ઇકોસિસ્ટમમાંની એક તરીકે ઉભરી આવ્યું છે. જેમાં લગભગ 94 કરોડ મિલિયન આયુષ્માન ભારત આરોગ્ય ખાતા બનાવાયા છે અને 105 કરોડ આરોગ્ય રેકોર્ડ લિન્ક કરવામાં આવ્યા છે. 53 લાખ આરોગ્ય સુવિધાઓ અને આશરે 10 લાખ આરોગ્ય વ્યાવસાયિકો રાષ્ટ્રીય ડિજિટલ આરોગ્ય રજિસ્ટરમાં નોંધાયેલા છે.

બેઠકને સંબોધતા, શ્રી નડ્ડાએ કહ્યું કે, આ મિશન હેઠળ એક મજબૂત ડિજિટલ આરોગ્ય સંભાળ માળખાનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આગામી તબક્કામાં તેનો મહત્તમ ઉપયોગ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. આ બેઠકમાં મિશનના ભવિષ્યના રોડમેપ પર પણ ચર્ચા કરવામાં આવી.

# DAY IMD

ભારતીય હવામાન વિભાગ (IMD) એ આજે ઉત્તરાખંડમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરી છે. આગામી બે દિવસ સુધી હરિયાણા, હિમાચલ પ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ, સિક્કિમ અને ઉત્તર-પૂર્વ ભારતમાં ભારેથી અતિ ભારે વરસાદની શક્યતા છે. દરમિયાન ગુજરાતમાં આજે એક પણ જિલ્લામાં વરસાદ ન થયો હોવાના અહેવાલ છે.

# DRUG RULES AMENDED

કેન્દ્ર સરકારે ઉચ્ચ આલ્કોહોલ ધરાવતી દવાઓના નિયમનને વધુ કડક બનાવવા માટે ડ્રગ્સ નિયમ, 1945 માં સુધારો કર્યો છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે ઇથિલ આલ્કોહોલ ધરાવતી દવાઓ માટે શેડ્યૂલ K હેઠળ લાઇસન્સિંગ આવશ્યકતામાંથી હાલની મુક્તિ દૂર કરી છે.

મંત્રાલયના જાહેરનામા અનુસાર, 30 મિલીથી વધુ જથ્થામાં 12% થી વધુ ઇથિલ આલ્કોહોલ ધરાવતી બધી દવાઓને હવે મુક્તિ આપવામાં આવશે નહીં. આવી દવાઓ માટે ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટ, 1940 હેઠળ જરૂરી લાઇસન્સ મેળવવાની જરૂર રહેશે.આ સુધારાથી આલ્કોહોલ ધરાવતી ઔષધીય ઉત્પાદનોના નિયમનકારી દેખરેખને વધુ મજબૂત બનાવવાની અપેક્ષા છે.